**ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં શિક્ષકોની નિમણૂંક કરવા બાબતે સંકલિત ઠરાવ બહાર પાડવા બાબત.**

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/ASC/e-file/17/2022/2854/K

સચિવાલય, ગાંધીનગર.

**તા.૧૬.૦૭.૨૦૨૬**

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૨૨/૧૨/૧૯૫૩ નો ઠરાવ ક્ર. BCH/1653

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૮૮ નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૪૮૮/૬૬૫/ગ

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૮/૦૬/૯૯ નો ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૯૯/૫૪૯/ચ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૬/૧૫ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૧૫ નો પરિપત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૦૩/૧૬ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧

(૭) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ નું જાહેરનામું ક્રમાંક:GH/SH/2/BMS-1109-1906-G

(૮) શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ નું જાહેરનામું ક્રમાંક:GH/SH/02/PRE/11-2016/SF-6/K

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪/૧૨/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક: અસમ-૧૦૨૦૧૧-ન.બા.૩૭ગ

(૧૦) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૩/૨૩ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક

(૧૧) શિક્ષણ વિભાગનો તા.૩૧/૦૩/૨૩ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક

(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૪ ના સરખા ક્રમાંકનો ઠરાવ.

(૧૩) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૩ ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (ભાગ-૧)

(૧૪) શિક્ષણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક

(૧૫) નિયામકશ્રી અ.જા.ક. તથા વિ.જા.ક.ની તા.૧૩.૦૨.૨૦૨૬ ની સંયુક્ત દરખાસ્ત

**આમુખઃ**

ભૂતપૂર્વ મુંબઇ રાજ્યના શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૨૨/૧૨/૧૯૫૩ ના ઠરાવથી રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગના બાળકોમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા તેમજ અભ્યાસ અને રહેવા-જમવાની નિ:શુલ્ક સુવિધા એક જ સ્થળે મળી રહે તે હેતુથી આશ્રમશાળા યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક -(૨) પરના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫/૧૧/૧૯૮૮ના ઠરાવથી આશ્રમશાળા યોજના અંગે સંકલિત

સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. અગાઉ શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૩) પરના તા.૧૮/૦૬/૧૯૯૯ ના ઠરાવના શિડ્યુલ-એફથી નિયત કરવામાં આવેલ પસંદગી સમિતિ મારફતે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવા સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. ઉપરોક્ત સૂચનાઓને આધારે કરવામાં આવેલ ભરતીઓથી નિમણૂંક પામેલ કર્મચારીઓ દ્વારા ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘના માધ્યમથી નામ.ગુજરાત હાઇકોર્ટ ખાતે SCA No.11651/2004 દાખલ કરવામાં આવેલ. જેના અનુસંધાને નામ. ગુજરાત હાઇકોર્ટે તા.૨૨/૦૪/૨૦૧૪ અને તા.૨૩/૦૬/૨૦૧૪ ના ચુકાદાથી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ ચલાવવામાં આવતી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને જે લાભો જે તારીખથી મળે છે તે મુજબ એટલે કે તા.૦૧/૦૧/૧૯૯૭ થી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પણ આ પ્રકારના લાભો ચુકવવા આદેશ કરેલ હતો. નામ. હાઇકોર્ટ દ્વારા સરકાર પક્ષે દાખલ કરેલ LPA N0. 332/2007 માં પણ સદરહુ ચુકાદો યથાવત રાખવામાં આવતાં, સરકારશ્રી દ્વારા ઉપરોક્ત નામ. ગુજરાત હાઇકોર્ટના ચુકાદાઓનો સ્વીકાર કરી, આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૪), (૫) અને (૬) પરના અનુક્રમે તા.૨૪/૦૬/૨૦૧૫, તા.૨૦/૧૧/૨૦૧૫ અને તા.૧૯/૦૩/૨૦૧૬ ના ઠરાવ/પરિપત્રથી કર્મચારીઓને આપવાના થતાં લાભો તથા તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ. જે પૈકી વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના તા.૨૦/૧૧/૨૦૧૫ પરિપત્રની સૂચના ક્રમાંક- ૯, ૧૦ અને ૧૧ મુજબ હવે પછી કોઇપણ ભરતી પ્રક્રિયા સ્વૈચ્છિક સંસ્થા મારફત ન કરી, શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ માટે જે ધોરણોને આધારે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે તે જ ધોરણોને અનુસરી આશ્રમશાળાઓમાં ભરતી પ્રક્રિયા કરવાની રહેશે તે મુજબ જોગવાઇ કરવામાં આવેલ હતી. હાલમાં શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૦) પરના તા.૧૭/૦૩/૨૦૨૩ ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ લાયકાતો અને જોગવાઇઓને આધીન નિયત ભરતી પ્રક્રિયા અનુસરીને વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવે છે. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧૧) પરના શિક્ષણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૩ ના ઠરાવથી લાયકાતોમાં આંશિક સુધારા કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ, આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ કાર્યરત અનુદાનિત આશ્રમશાળાઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી કરવા માટેના માપદંડો નક્કી કરવા માટે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧૨) પરના તા.૧૦/૦૭/૨૦૨૪ ના સરખા ક્રમાંકના ઠરાવથી વિવિધ જોગવાઇ કરવામાં આવેલ હતી.

૨. આ વિભાગનાં સદર તા.૧૦/૦૭/૨૦૨૪ નો ઠરાવ બાદ શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૧૪) પરનાં તા.૩૦/૦૭/૨૦૨૪ નાં ઠરાવથી કરવામાં આવેલ સુધારાઓને ધ્યાને લઇ, તે મુજબ અત્રેનાં ઠરાવમાં જરૂરી સુધારા કરવા માટે નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) અને નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા સંકલિત ઠરાવ બહાર પાડવા માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૧૫) ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર દરખાસ્ત તથા ભરતી પ્રક્રિયા સુગમ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ કાર્યરત અનુદાનિત આશ્રમશાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવા માટેના માપદંડો અને ભરતી પ્રકિયા અંગે સુવ્યવસ્થિત એકીકૃત સ્વરૂપે સૂચનાઓ બહાર પાડી શકાય તે હેતુથી, સક્ષમ કક્ષાએથી થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમાંક – (૧૨) પરના તા.૧૦/૦૭/૨૦૨૪ ના ઠરાવને

સ્થાને અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા/આશ્રમશાળા માટેના શિક્ષકોની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અને લાયકાતો તેમજ નીચે દર્શાવ્યા મુજબની ભરતી પ્રક્રિયા નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. ધોરણ ૧ થી ૫ પ્રાથમિક શાળા માટે**

(A) શૈક્ષણિક અને તાલીમી લાયકાત

(I) શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ અને

(II) તાલીમી લાયકાત : ઉમેદવાર નીચે પ્રમાણેની તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઇએ.

(a) બે વર્ષ પી.ટી.સી. / D.El.Ed. અથવા

(b) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી(B.El.Ed) અથવા

(c) બે વર્ષનો ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

(B) જે તે જિલ્લાની શિક્ષકોની જગ્યાઓ એચ.એસ.સી. અને પી.ટી.સી./D.El.Ed. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે. તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ)માં ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે. જો વિજ્ઞાન પ્રવાહ સાથે એચ.એસ.સી. થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચ.એસ.સી અને પી.ટી.સી./D.El.Ed. ઉમેદવારોથી ભરવાની રહેશે.

(C) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ–ટી.ઇ.ટી. –TET-1) (પ્રાથમિક શિક્ષક) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે.

(D) ગુણાંકન પધ્ધતિ: –

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતાં અને ટી.ઇ.ટી.(TET-1) માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (weightage) આપવામાં આવશે.

i. પી.ટી.સી/ D.El.Ed./B.El.Ed./ ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન) ની લાયકાત ધરાવતાં ઉમેદવારો માટે:

| | |
|---|---|
| એચ.એસ.સી.માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| સ્નાતક કક્ષાએ મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| પી.ટી.સી/ D.El.Ed./B.El.Ed./ ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન) માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી.(TET-1) માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**નોંધ:** પી.ટી.સીના ગુણ ગણતરી માટે શિક્ષણ વિભાગના તા.૭/૭/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૦૮/૨૫૮-ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/ વાર્ષિક પ્રાયોગિક કાર્ય શિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપરોક્ત ટકાવારી ગણવાની રહેશે. D.El.Ed. ગુણ ગણતરી માટે બીજા વર્ષના પરિણામમાં દર્શાવેલ 'Marks of Merit' ધ્યાને લેવાના રહેશે. વધુમાં, વખતો વખત રાજ્ય સરકાર તરફથી નક્કી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.

**૨. ધો. ૬ થી ૮ પ્રાથમિક શાળા માટે**

A. **ગણિત-વિજ્ઞાન શિક્ષક:-**

નીચે પ્રમાણે ભરતી થયેલ ઉમેદવાર શિક્ષક (ગણિત-વિજ્ઞાન) કહેવાશે.

(i) શૈક્ષણિક અને તાલીમી લાયકાત:

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : બી.એસ.સી./ બી.ઇ./બી.ટેક./બેચલર ઓફ ફાર્મસી (B. PHARM) અને |
| તાલીમી લાયકાત : બે વર્ષીય પી.ટી.સી./ D.El.Ed. |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એસ.સી./બી.ઇ./બી.ટેક./બેચલર ઓફ ફાર્મસી(B. PHARM) અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ. |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચલર ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed.) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત: ચાર વર્ષીય બી.એસ.સી. એજ્યુકેશન (B.Sc. Ed.) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસ.સી./બી.ઇ./બી.ટેક./બેચલર ઓફ ફાર્મસી(B.PHARM) અને |
| તાલીમી લાયકાત : એક/ બે વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન) |

(ii) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ–ટી.ઇ.ટી. (TET-2) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ–ગણિત/વિજ્ઞાન) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ– ટી.ઇ.ટી.– TET-2) માં નિયત થયેલ લઘુતમ ગુણ મેળવવાના રહેશે.

(ii) ગુણાંકન પદ્ધતિ: -

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઇ.ટી.(T.E.T.-2) માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

(a) બી.એસ.સી./બી.ઇ./બી.ટેક./બેચલર ઓફ ફાર્મસી (B.PHARM) અને બી.એડ./પી.ટી.સી./D.El.Ed./ બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન) ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| બી.એસ.સી./બી.ઇ./બી.ટેક./એડ. (ફાર્મમાં મેળવેલા ગુણના | ૨૦ ટકા |
| એમ.એસ.સી./એમ.ઇ./એમ.ટેક./એમ.ફાર્મમાં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી./D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી.(TET–2) માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

અથવા

(b) ઇન્ટીગ્રેટેડ બી. એડની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પદ્ધતિ અનુસરવાની રહેશે.(ચાર વર્ષનો અભ્યાસક્રમ)

| | |
|---|---|
| ઇન્ટીગ્રેટેડ બી.એસ.સી., બી.એડ./B.El.Ed. માં મેળવેલા ગુણના | ૪૫ ટકા |
| એમ.એસ.સી.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઇ.ટી.(TET–2) માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(B) ભાષાઓના શિક્ષક:

નીચે પ્રમાણે ભરતી થયેલ ઉમેદવાર શિક્ષક (ભાષા) કહેવાશે.

(i) શૈક્ષણિક અને તાલીમી લાયકાત: -

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી., (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે) અને |
| તાલીમી લાયકાત : બે વર્ષીય પી.ટી.સી./D.El.Ed. |

અથવા

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ./ બી.આર.એસ./ બી.એસ.એસ.સી.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે) અને |
| તાલીમી લાયકાત : એક/ બે વર્ષીય બી.એડ. |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.)માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચલર ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.)માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એ./ બી.આર.એસ./ બી.એસ.એસ.સી. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે), એજ્યુકેશન (B.A.Ed.) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./ બી.આર.એસ./ બી.એસ.એસ.સી. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે) અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન) |

(ii) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ) TET-2 ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ભાષાઓ), અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા(ટીચર એલીજીબીલીટી ટેસ્ટ) TET-2 માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવવાના રહેશે.

(iii) <u>ગુણાંકન પદ્ધતિ:</u>

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને TET માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર(Weightage) આપવામાં આવશે.

(a) બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ. સી(અંગ્રેજી/ ગુજરાતી/ હિન્દી/ સંસ્કૃત વિષય સાથે)/અને બી.એડ. પી.ટી.સી./D.El.Ed./ બી.એડ. (સ્પેશીયલ એજ્યુકેશન)ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| બી.એ./ બી.આર.એસ./ બી.એસ.એસ.સી(અંગ્રેજી/ ગુજરાતી/ હિન્દી/ સંસ્કૃત વિષય સાથે)માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એ./ એમ.આર.એસ.(અંગ્રેજી/ ગુજરાતી/ હિન્દી/ સંસ્કૃત વિષય સાથે)માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી..એડ. પી.ટી.સી./ D.El.Ed./ બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન) માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |

| | |
|---|---|
| ટી.ઇ.ટી.(TET-2) માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

અથવા

(b) ઇન્ટીગ્રેટેડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પદ્ધતિ અનુસરવાની રહેશે.

| | |
|---|---|
| ઇન્ટીગ્રેટેડબી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી, બી.એડ./B.El.Ed. માં મેળવેલ ગુણના | ૪૫ ટકા |
| એમ.એ./એમ.આર.એસ. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઇ.ટી. (TET-2) માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**(c) સામાજિક વિજ્ઞાનના શિક્ષક:**

નીચે પ્રમાણે ભરતી થયેલ ઉમેદવાર શિક્ષક(સામાજિક વિજ્ઞાન) કહેવાશે.

(i) શૈક્ષણિક અને તાલીમી લાયકાત:

| |
|---|
| શૈક્ષણિક લાયકાત:<br>બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી., (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન (Home Science) તથા<br>ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) અથવા બી. કોમ. અથવા બી.સી.એ. અથવા બી.બી.એ. અને |
| તાલીમી લાયકાત : બે વર્ષીય પી.ટી.સી/ D.El.Ed. |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી., (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન(Home Science) તથા ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) અથવા બી.કોમ. અથવા બી.સી.એ. અથવા બી.બી.એ. અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ. |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચલર ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |

| |
|---|
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી., (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન(Home Science) તથા ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) તથા બી.કોમ. એજ્યુકેશન (B.A.Ed/ B.R.S.Ed./ B.S.Sc.Ed./ B.com.B.Ed.) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી., (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન(Home Science) તથા ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) અથવા બી.કોમ. અથવા બી.સી.એ. અથવા બી.બી.એ. અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન) |

(ii) આ વર્ગ માટે નિયત થયેલ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–2 (T.E.T-2) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ–સામાજિક વિજ્ઞાન) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે. તેમજ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–2(TET-2)) માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવવાના રહેશે.

(iii) ગુણાંકન પધ્ધતિ:

ઉપરોક્ત શૈક્ષણિક, તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઇ.ટી.–2 (TET-2) માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

(a) બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી/બી.કોમ./બી.સી.એ./બી.બી.એ. અને બી.એડ./પી.ટી.સી/D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી/બી.કોમ./બી.સી.એ./બી.બી.એ.માં મેળવેલા ગુણના | ૨૦ ટકા |
| એમ.એ./એમ.આર.એસ./એમ.કોમ./એમ.સી.એ./એમ.બી.એ.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી./D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન) માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી–2(TET-2)માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

અથવા

(b) ઇન્ટીગ્રીટિડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાની રહેશે.

| | |
|---|---|
| ઇન્ટીગ્રેટેડ બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી/બી.કોમ., બી.એડ.માં મેળવેલા ગુણના | ૪૫ ટકા |

| | |
|---|---|
| એમ.એ./એમ.આર.એસ./એમ.કોમ./એમ.સી.એ./એમ.બી.એ.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઇ.ટી.–2(TET-2)માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

નોંધ:- પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિક્ષણ વિભાગના તા.૦૭/૦૭/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૦૮/૨૫૮/ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્ય શિક્ષણ એમ કુલ ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપરોક્ત ટકાવારી ગણવાની રહેશે. D.El.Ed. ગુણ ગણતરી માટે બીજા વર્ષના પરિણામમાં દર્શાવેલ **'Marks of Merit'** ધ્યાને લેવાના રહેશે. વધુમાં, વખતો વખત રાજ્ય સરકાર તરફથી નક્કી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.

(D)

**(I)** પી.ટી.સી./**D.El.Ed.**/બી.એડ./ચાર વર્ષીય **B.El.Ed.** માટે **NCTE** એ માન્ય કરેલ સંસ્થામાંથી કરેલો હોય તો જ માન્ય ગણાશે. અને બે વર્ષીય **D.Ed.**(સ્પેશીયલ એજ્યુકેશન) અને **B.Ed.** (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) દ્વારા માન્ય અભ્યાસક્રમને જ વિચારણામાં લેવામાં આવશે.

**(II)** બે વર્ષીય D.Ed. (Special Education) અને B.Ed. (Special Education)ની તાલીમી લાયકાત ધરાવતાં ઉમેદવારોએ નિમણૂંક પછી **NCTE** એ માન્ય કરેલ પ્રાયમરી શિક્ષણની ખાસ તાલીમ છ માસમાં મેળવવાની રહેશે.

**(III)** ઉમેદવારે માન્યતા પ્રાપ્ત ત્રણ/ચાર વર્ષીય ઇન્ટીગ્રેટેડ કોર્સ કરેલ હોય અને તે પૈકી સદર ઠરાવ મુજબની કોઇ એક લાયકાતના ગુણ ધ્યાને લેવાના હોય ત્યારે જે તે ગુણપત્રકમાં દરેક લાયકાતના અલગ–અલગ ગુણ દર્શાવેલ હોય તો ગુણાંકન વખતે તે ગુણ ધ્યાને લેવાના રહેશે. દા.ત. સંકલિત બી.એડ.–એમ.એડ.ની માર્કશીટમાં બી.એડ.ના ગુણ તથા સંકલિત એમ.એસ.સી.એમ.એડ. ની માર્કશીટમાં એમ.એસ.સી.ના ગુણ તથા સંકલિત એમ.એ.એમ.એડ. ની માર્કશીટમાં એમ.એ. ના ગુણ અલગથી દર્શાવેલા હોય તો ધ્યાને લેવામાં આવશે.

**(IV)** તાલીમી લાયકાતના છેલ્લા સત્ર(સેમીસ્ટર)માં અભ્યાસ કરતાં હોય અને અંતિમ પરીક્ષાની માર્કશીટ આવેલ ન હોય અને આવા ઉમેદવારોને ટેટ–૧/૨ પરીક્ષા આપવા લાયક ગણેલ હોય ત્યારે આવા ઉમેદવારને ભરતી સમયે અરજી કરવાની છેલ્લી તારીખ સુધી તાલીમી લાયકાતની અંતિમ પરીક્ષા પાસ થયાની માર્કશીટ આવેલ ન હોય તો આવા ઉમેદવારને ભરતી માટે લાયક ગણી શકાશે નહીં.

**(v)** અનુદાનિત આશ્રમશાળાઓમાં શિક્ષકોની ભરતીમાં જે ઉમેદવારોએ શિક્ષણ વિભાગ દ્વારા નિયત થયેલ **TET-1** અને **TET-2** પરીક્ષા પાસ કરેલ છે તેવા તમામ ઉમેદવારોના શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્ર માન્ય ગણવાના રહેશે.

**૩.** શિક્ષકની જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી./D.El.Ed.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે. ઉમેદવાર પાસ કરેલી પી.ટી.સી./D.El.Ed. અને ઇન્ટીગ્રેટેડ બી.એડ.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થાઓમાંથી જ પાસ કરેલી હોવી જોઇશે. તેમજ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સીટીમાંથી મેળવેલ હોવી જોઇશે.

**૪.** જિલ્લાની અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકોની મળવાપાત્ર જગ્યાઓ શાળાના વિદ્યાર્થી સંખ્યાના આધારે વખતો વખત સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે રહેશે. જગ્યાઓ ભરતી વખતે આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓનો પણ સમાવેશ કરી શકાશે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ કરતાં વધુ જગ્યાઓ ભરી શકાશે નહિ. વધુમાં, ધોરણ ૬ થી ૮ પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષકોની ઉપર દર્શાવેલ ફકરા-૨ (A), (B) અને (C)ની જોગવાઇઓ પ્રમાણે જે કેટેગરીમાં જેટલી જગ્યાઓ ખાલી પડશે તેટલી જગ્યાઓ જે તે કેટેગરી માટે ભરવાની રહેશે.

જે તે જિલ્લા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં જે તે વિભાગ/વિષયની જગ્યા ખાલી પડે તે વિભાગ/વિષય માટે જે તે જિલ્લા અધિકારીની માંગણી મુજબ જે તે વિભાગ/વિષયની જગ્યા માટે રાજ્ય કક્ષાની સમિતિએ ઉમેદવારની ભલામણ કરવાની રહેશે.

**૫.** જિલ્લા અધિકારીએ તેઓના જિલ્લા માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વખતો વખત પ્રવર્તમાન નિયમોનુસાર લાગુ પડતી અનામતની નિયત ટકાવારી ધ્યાને લઇ જિલ્લા અધિકારીએ આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓ સહિત જાતિવાર જરૂરિયાત દર્શાવીને ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે જગ્યાની જે તે કેટેગરી મુજબ જરૂરીયાત દર્શાવીને જગ્યાઓ ભરવા માટે માંગણી પત્રક રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.

**૬.** જિલ્લા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમા ક્રમશ: ખાલી પડતી જગ્યાઓ ઉપર ભરતી કરવા માટે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧૩) પરના તા.૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવના જોગવાઈ ક્રમાંક : (૬)ના પરિશિષ્ટ(ક)મુજબ અનુદાનિત આશ્રમશાળાઓમાં ક્રમશ ખાલી પડતી જગ્યાઓ ઉપર ભાષા, ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ભરતી કરવાની રહેશે.

**૭.** શિક્ષકોની ભરતી માટે રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ નીચે મુજબની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ / વિકસતી જાતિ કલ્યાણ | અધ્યક્ષ |
| ૨ | અધિક સચિવ/ સંયુક્ત સચિવ/ નાયબ સચિવ (અનુસૂચિત જાતિ કલ્યાણ) | સભ્ય |
| ૩ | અધિક સચિવ/ સંયુક્ત સચિવ/ નાયબ સચિવ (વિકસતી જાતિ કલ્યાણ) | સભ્ય |
| ૪ | નાયબ નિયામક, પ્રાથમિક શિક્ષણ (ભરતી) | સભ્ય |
| ૫ | નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ / વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |

**નોંધ : નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પૈકી જે અધિકારી સીનીયર હોય તેઓએ સમિતિની અધ્યક્ષતા કરવાની રહેશે તથા અધ્યક્ષશ્રી હેઠળના ખાતાના સંબંધિત નાયબ નિયામકશ્રીએ સમિતિના સભ્ય સચિવ તરીકેની કામગીરી બજાવવાની રહેશે.**

**(I)** નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ હસ્તકની ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ ભરતી સમિતિએ ભરતી એજન્સી તરીકેની કાર્યવાહી કરીને પ્રોવિઝનલ મેરિટ લીસ્ટ અને ફાઇનલ મેરીટ લીસ્ટ બનાવી તે –યાદી રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા પસંદગી સમિતિને સોંપવાની રહેશે. તેમજ જાહેરાત બાદથી લઈને આશ્રમશાળાની પસંદગી સુધીની કાર્યવાહીમાં સહાયક તરીકેની કામગીરી કરવાની રહેશે.

**(II)** સદર ભરતી પ્રક્રિયા દરમિયાન ભરતી અંગેના નિર્ણયો રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા પસંદગી સમિતિએ લેવાના રહેશે તથા ભરતી પ્રક્રિયા અન્વયે ઉભા થતા વહીવટી કે ન્યાયિક પ્રશ્નોની જવાબદારી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા પસંદગી સમિતિની રહેશે.

**૮. પસંદગી પ્રક્રિયા અંગેની સૂચનાઓ:**

A. જિલ્લા અધિકારીશ્રીઓએ (અ.જા/વિ.જા.) અનુદાનિત આશ્રમશાળાના રોસ્ટર રજિસ્ટર મુજબ કેટેગરી વાઇઝ માંગણા પત્રક તૈયાર કરી ગુજરાત રાજ્ય અનુદાનિત નિવાસી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિને માંગણા પત્રક મોકલી આપવાના રહેશે.

B. રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ વિષયવાર અને અનામત વર્ગવાર જોગવાઈઓ નક્કી કરીને તે અંગેનું માંગણી પત્રક જિલ્લા કચેરી પાસેથી મેળવશે અને બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં જાહેરાત નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ હસ્તકની ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સમિતિના પરામર્શમાં બહાર પાડશે. ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં ઓનલાઇન અરજીઓ મંગાવવાની રહેશે.

C. ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ સાથે જાહેરાતમાં ઉલ્લેખ કર્યા મુજબના પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બિડવાની રહેશે. ઉમેદવારે નિયત અરજી પત્રક કોઇપણ જિલ્લામાં રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા નિયત કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર જમા કરાવવાના રહેશે.

D. જિલ્લા સ્વીકાર કેન્દ્રએ અરજીફોર્મ સ્વીકારતી વખતે અરજી ફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી કરવાની રહેશે. જિલ્લા સ્વિકાર કેન્દ્રોની યાદી પસંદગી સમિતિ દ્વારા જાહેરાત સાથે બહાર પાડવાની રહેશે. આ ચકાસણી તદ્દન હંગામી ધોરણે રહેશે.ઉમેદવારની યોગ્યતા આખરી તપાસણી બાદ નક્કી કરવામાં આવશે. સદર બાબતે જરૂર જણાયેથી શિક્ષણ વિભાગમાંથી સહાયકોની માંગણી કરી શકાશે.

E. રાજ્યની સમિતિએ નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજીઓની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ પ્રસ્તુત ઠરાવથી ઉમેદવારોની પસંદગી માટે નિયત થયેલ ધોરણો લક્ષમાં લઇ કામચલાઉ મેરીટ લીસ્ટ તૈયાર વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાનુ રહેશે.

F. કામચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ઉમેદવારોએ અરજીમાં દર્શાવેલ વિગતો અને ગુણ સંબંધિત ક્ષતિ હોય તો ઓનલાઈન ક્ષતિ સુધારણા પત્રક મેળવી તેમાં સુધારા કરી શકશે. મૂળ અરજીમાં દર્શાવ્યા સિવાયની નવિન કોઈ વિગત/માહિતી/લાયકાત ઉમેરી શકાશે નહીં.

G. પસંદગી સમિતિએ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની જગ્યાઓ માટે વિષયવાર સંબંધિત અનામત કેટેગરી માટે અલગ અલગ મેરીટ લીસ્ટ તૈયાર કરવાનુ રહેશે.

H. પસંદગી સમિતિએ ફાઈનલ મેરીટ યાદી તૈયાર કરી વેબસાઈટ પર અપલોડ કરવાની રહેશે.

I. રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા પસંદગી સમિતિએ મેરીટ લીસ્ટમાં સમાવેશ થયેલ ઉમેદવારોને આશ્રમશાળા પસંદગી માટે કોલ લેટર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે અને પાત્ર

ઠરતા ઉમેદવારોએ આશ્રમશાળા પસંદગી માટે કોલ લેટર ઓનલાઇન મેળવી લેવાનો રહેશે. ઉમેદવારને ટપાલ કે અન્ય કોઇ રીતે કોલ લેટર મોકલવામાં આવશે નહી. કોલ લેટરમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળ પર ઉમેદવારોએ હાજર રહેવાનુ રહેશે. કોલ લેટરમાં દર્શાવેલ સમયે જે ઉમેદવાર હાજર રહેશે નહી તેઓને ફરીથી અનુદાનિત આશ્રમશાળા પસંદગી કરવા માટે કોઈપણ તક આપવામાં આવશે નહી. પરંતુ કોઈપણ કારણોસર નિયત સમય કરતાં મોડા આવનાર ઉમેદવારને જે દિવસે પસંદગી માટે બોલાવેલ હોય તે દિવસે પસંદગીની પ્રક્રિયા ચાલુ હશે. તો તે સમયે જે જગ્યા ખાલી હશે તે જગ્યાઓમાંથી આશ્રમશાળા પસંદગીની તક આપવામાં આવશે. કોલ લેટરમાં દર્શાવેલ સમયે ઉપસ્થિત નહી રહેનાર ઉમેદવારને કોઈપણ સંજોગોમાં ત્યારપછીના દિવસે આશ્રમશાળા પસંદગીની તક આપવામાં આવશે નહીં. ઓન લાઈન આશ્રમશાળા પસંદગીની કાર્યવાહી દરમ્યાન અસલ પ્રમાણપત્રો/ગુણપત્રકોની ચકાસણી વખતે સંબંધિત ઉમેદવારના મેરિટમાં સુધારો/વધારો થાય તો તેવા ઉમેદવારોને સુધારેલા મેરિટ મુજબ તેમના સુધારેલા મેરિટ ક્રમે ઓનલાઈન આશ્રમશાળા પસંદગી કરવાની રહેશે.

J. શાળા પસંદગી પ્રક્રિયા દરમિયાન જે ઉમેદવાર કોઈપણ કારણોસર શાળા પસંદગીનો પોતાનો હક સ્વેચ્છા જતો કરશે તો તેવા ઉમેદવારોને સમગ્ર ભરતી પ્રક્રિયા દરમિયાન તક આપવામા આવશે નહી.

K. પસંદગી થયેલ ઉમેદવારની નિમણૂક માટેનો ફાળવણી પત્ર પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવે ત્યારબાદ જે તે જિલ્લા અધિકારીએ તેઓને ફાળવી આપેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ફરીથી ચકાસણી કરવાની રહેશે.

L. સંબંધિત રજિસ્ટર થયેલ અનુદાનિત આશ્રમશાળાએ પસંદગી સમિતિ તરફથી મળેલ ફાળવણી પત્ર મળ્યાની તારીખથી સાત દિવસની અંદર નિમણૂક પત્ર રવાના કરવાના રહેશે.

M. ઉમેદવારોના ડોક્યુમેન્ટની ચકાસણી કરી, પ્રત્યક્ષ પસંદગી માટે સમિતિના કાર્યાલયે બોલાવી મેરીટ લીસ્ટ મુજબ આશ્રમશાળાઓની પસંદગી કરાવીને તેની નિમણૂંક માટેની ભલામણ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા પસંદગી સમિતિએ સંબંધિત આશ્રમશાળાના સંચાલક મંડળને કરવાની રહેશે. ભલામણ યાદી મુજબના શિક્ષકોને નિમણૂંક આપવા માટેની નિયમોનુસારની કાર્યવાહી જે–તે આશ્રમશાળાના ટ્રસ્ટીમંડળે સંબંધિત નિયામકશ્રીના પરામર્શમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયમોનુસાર કરવાની રહેશે. જો રજીસ્ટર થયેલ અનુદાનિત આશ્રમશાળાનું સંચાલક બોર્ડ પસંદ થયેલા ઉમેદવારને સુચિત સમયની અંદર ફરજ પર હાજર ન થવા દે તો સંબંધિત આશ્રમશાળાની માન્યતા રદ કરવા નિયમોનુસાર કાર્યવાહી સંબંધિત નિયામકશ્રીએ હાથ ધરવાની રહેશે.

N. ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં શિક્ષકોની નિમણુંક કરવા બાબતનો વિષય શિક્ષણ વિભાગને સોંપવા બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અલાયદી e-file: SJED/ASC/e-file/17/2026/1144/K થી હાથ ધરવામાં આવેલ કાર્યવાહી શિક્ષણ વિભાગ ખાતે વિચારણા હેઠળ છે. સદરહું બાબતે જે નિર્ણિય થાય તે આ ઠરાવને અસરકર્તા રહેશે.

O. ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં સંલગ્ન શૈક્ષણિક એકમોમાં RTE Act ની જોગવાઇઓ બાબતે નામદાર હાઇકોર્ટમાં ચાલી રહેલ R/SCA/9134/2005 કેસમાં આવનાર ચુકાદો આ ઠરાવને અસરકર્તા રહેશે.

**૯.** રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ ઉમેદવારોની જાહેરાત યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઇઝ પ્રતીક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. પ્રતીક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતીક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે.

**૧૦.** કેટેગરી વાઇઝ તૈયાર કરેલ પ્રતીક્ષાયાદીમાંથી રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ નીચે મુજબ (I) થી (IV)માં દર્શાવેલ સંજોગોમાં ઉમેદવારોના નામોની ભલામણ કરવાની રહેશે.

(I) સ્ટાફની ભરતી માટે કોઇ ઉમેદવાર કે જેઓને મેરીટ પ્રમાણે શાળાની ફાળવણી થાય ત્યારે નિમણૂંક પત્ર મેળવ્યા પછી નક્કી કરેલ (અથવા અરજીથી વધારેલ) તારીખ સુધી હાજર ન થાય ત્યારે આ જગ્યાઓ ઉપર પ્રતીક્ષાયાદી ઉપરના ઉમેદવારોને નિમણૂંક આપવાની રહેશે. બીજી શાળામાં ફાળવાયેલ ઉમેદવારને કોઇ સંજોગોમાં ફેરબદલ (Reshuffle) કરી આપવામાં આવશે નહી.

(II) સંબંધિત પસંદગી યાદીમાંનો ઉમેદવાર નિયત લાયકાત (શૈક્ષણિક/ઉંમર વિષયક/શારીરિક યોગ્યતા/ સક્ષમ સત્તાધિકારીએ જાતિ વિષયક પ્રમાણપત્ર અમાન્ય ઠરાવેલ હોય/અન્ય) ધરાવતા નથી તેવું પુરવાર થતાં તેની નિમણૂંક રદ થવાથી જગ્યા ખાલી પડે/રહે.

(III) સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામું આપે/ અવસાન પામે તે કારણથી જગ્યા ખાલી પડે.

(IV) ઉમેદવાર શાળા/સ્થળ પસંદગી વખતે પોતાને હક્ક સ્વેચ્છાએ જતો કરે ત્યારે જગ્યા ખાલી પડે.

**૧૧.** જે તે જિલ્લામાં અનુદાનિત આશ્રમશાળા દીઠ શિક્ષકોની કુલ મંજૂર થયેલી જગ્યાઓના પ્રમાણમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ તથા શારીરિક ખોડ ખાંપણની કેટેગરી માટે રાજ્ય સરકારે સીધી ભરતી માટે નક્કી કરેલ અનામતની નિયત ટકાવારી મુજબ નિમણૂંક કરવાની રહેશે. તથા સામાન્ય વહીવટ વિભાગના વખતો વખતના ઠરાવ અન્વયે માજી સૈનિકો માટે જગ્યાઓ અનામત રાખવાની રહેશે.

**૧૨.** સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૪/૯૭ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૨/ગ-૨ તથા વખતો વખતના જાહેરનામા/ઠરાવ મુજબ મહિલાઓ માટે જે તે કેટેગરીમાં ૩૩ ટકા જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે અનામત રાખવાની રહેશે.

**૧૩.** શિક્ષકોને પાંચ વર્ષ સુધી સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવથી નિયત થયેલ ફીક્સ પગારની નીતિ તથા તેમાં વખતો વખત થતાં સુધારાઓ લાગુ પડશે.

**૧૪.** શિક્ષકોની નોકરી માટે પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૫) માટે લઘુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૩ વર્ષ તથા પ્રાથમિક શાળા (ધોરણ ૬ થી ૮) માટે લઘુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષની રહેશે. તેમજ સરકાર દ્વારા આપવામાં આવતી વય-મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.

**અપવાદ:**

(અ) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ (EWS), શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવાર તથા મહિલા ઉમેદવારને ઉપર્યુક્ત નિયત મહત્તમ

વયમર્યાદામાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭ ના નિયમ-૮(૨) ની જોગવાઇ મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(બ) સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવોથી કોઇપણ વર્ગને ઉપલી વયમર્યાદામાં કોઇ છૂટછાટ આપવામાં આવી હશે તે છૂટછાટ તે વર્ગને શિક્ષકની જગ્યાએ ભરતીમાં મળવાપાત્ર રહેશે.

**૧૫.** શિક્ષક તરીકે નીમાયેલ ઉમેદવારની સેવાઓ પાંચ વર્ષ દરમ્યાન સંતોષકારક જણાય તો પાંચ વર્ષ પૂર્ણ કરેથી જિલ્લા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શિક્ષકના નિયમિત પગાર ધોરણ સાતમા પગારપંચ મુજબ રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦ (પે મેટ્રીક લેવલ-૪) માં અથવા સરકાર વખતો-વખત નક્કી કરે તે મુજબ સમાવવાના રહેશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વખતો વખતના ઠરાવથી નક્કી કરે તે મુજબ સંતોષકારક સેવાઓ નહી જણાય તો પાંચ વર્ષ પહેલા પણ શિક્ષકની સેવાઓ સમાપ્ત કરી શકાશે.

**૧૬.** જે તે જિલ્લા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં ખાલી થતી/ઉભી થતી જગ્યાઓમાં શિક્ષણ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૧૨-સીંગલ ફાઇલ-૭-ક થી નક્કી થયેલ ગુજરાતી માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા નિયત કરેલ ટકાવારી સાથે પાસ કરવાની રહેશે.

**૧૭.** આશ્રમશાળાની યોજના પ્રમાણે ધો.૧ થી ૮ ના બાળકો આશ્રમશાળામાં રહીને ભણતા હોઈ, વિદ્યાસહાયક તરીકે પસંદગી પામેલ ઉમેદવારે આશ્રમશાળાના સ્થળે ઉપલબ્ધ ક્વાટર્સમાં ફરજિયાત રહેવાનું રહેશે અને સ્થળ પર પોતાની ફરજો બજાવવાની રહેશે.

**૧૮.** મેરિટની ગણતરી માટે નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવામાં આવશે.

(i) યુજીસી માન્ય યુનિવર્સીટી દ્વારા આપવામાં આવતી ડીગ્રીઓના ગુણપત્રકમાં જે કુલ ગુણ (ગ્રાન્ટ ટોટલ) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ (ઓબટેઇન માર્કસ) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહ્ય રાખવામાં આવશે. ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

(ii) કોઇપણ ઉમેદવાર શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયિક લાયકાતની અંતિમ ડીગ્રી પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,

(a) જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ન અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ (ફેલ) થયા હોય અને જયારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ ધ્યાનમાં લેવામાં આવશે.

(b) જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્નોથી કોઈપણ પરીક્ષા પાસ કરી હોય અને કોઇ વિષયમાં મુક્તિ (Exemption) મેળવેલ હોય તે દરેક પ્રયત્નના કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નકકી કરવામાં આવશે.

(c) જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક ગુણાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા/પાઠ ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક ગુણાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા ગુણાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતા ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલા જ વિષયના કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

**૧૯.** યુ.જી.સી. દ્વારા માન્ય યુનિવર્સિટીઓની યાદી બહાર પાડવામાં આવે છે. યુ.જી.સી. દ્વારા માન્ય યુનિવર્સિટી દ્વારા મેળવેલ ડીગ્રી ગ્રાહ્ય રાખવામાં આવશે. પરંતુ યુ.જી.સી. દ્વારા તા.૨૭/૬/૨૦૧૩ ના રોજ

પ્રસિધ્ધ કરેલ અખબારી યાદી તેમજ તા.૧૧/૭/૨૦૧૪ ના પત્ર અને તા.૦૯/૦૯/૨૦૧૪ ના પત્રની ગાઇડ લાઇન અનુસાર ડીગ્રી મેળવેલ હશે તો જ ગ્રાહ્ય રાખવામાં આવશે.

**૨૦.** સમગ્ર ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે રાજ્ય કક્ષાની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**૨૧.** વંચાણે લીધેલ ક્રમાંક: (૧૨) પરનો ઠરાવ આથી ૧૦/૦૭/૨૦૨૪ રદ કરવામા આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૬/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેઓના નામે,

HM 16/7/2026

(હેમંત શ્રીમાળી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાનાઃ-**

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, વિ.જા.ક., સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, અ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સેક્શન અધિકારીશ્રી, ક-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સિલેકટ ફાઇલ-૨૦૨૬